**આંક–૧,૪ તથા૧૩ લગત હુકમ**

(૧) અરજદારની અરજી, દસ્તાવેજી પુરાવા તથા સામાવાળાનો આંક–૧૧નો જવાબ વંચાણે લીધો. પક્ષકારોના વિ.વકિલશ્રીઓને સાંભળ્યા.

(૨) આ કામના અરજદારના વિ.વકિલશ્રીની એવી રજુઆત કરેલ કે, ડી.વી.એક્ટ હેઠળની ફો.પ.અ.નં–૧૪૪/૨૦૧૧માં સામાવાળા નં.૧ થી ૩ સામે હુકમ થયેલ તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સામાવાળા નં.૨,૩ નાએ સ્પે.ક્રિ.એ.નં.૪૮૮૬/૨૦૧૭ દાખલ કરેલ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે સામાવાળા નં.૨,૩ ના લાભમાં વચગાળાનો મનાઈ હુકમ ફરમાવેલ. પરંતુ ફો.પ.અ.નં–૧૪૪/૨૦૧૧માં થયેલ હુકમ સામાવાળા નં.૧નાને બંધન કર્તા છે અને હુકમ મુજબ સામાવાળા નં.૧ નાએ રકમ ચુકવવી જોઈએ પરંતુ સામાવાળા નં.૧ નાને નોટીસ બજવા છતા રકમ ચુકવેલ ન હોય ચડત રકમ રૂ.૨,૫૭,૦૦૦/– વસુલ મેળવવા સામાવાળા નં.૧ સામે જપ્તી વોરંટ કાઢવા અરજ કરેલ છે.

(૩) સામાવાળા તર્ફે આંક–૧૧ થી વાંધા જવાબ રજુ કરેલ છે અને એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદારે ક્રિ.પ્રો.કોડ ની કલમ–૧૨૫ હેઠળ ફો.પ.અ.નં–૧૪૩/૨૦૧૧ દાખલ કરેલ જેમાં નામદાર કોર્ટે માસીક રૂપીયા ૪૦૦૦/– ભરણપોષણ ચુકવવા તા.૦૨/૦૯/૨૦૧૫ ના રોજ હુકમ કરેલ જેનેથી નારાજ થઈને અરજદારે નામદાર સેસન્સ કોર્ટમાં ફો.રી.અ.નં–૨૫/૨૦૧૫ થી દાખલ કરેલ જેમાં માસીક ભરણપોષણની રકમ વધારવાનો હુકમ થતા સામાવાળાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફો.રી.અ.નં–૫૭૧/૨૦૧૮ દાખલ કરેલ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે માસીક રૂ.૬૦૦૦/– ભરણપોષણ ચુકવવા હુકમ કરેલ. જે હુકમ મુજબ સામાવાળા નિયમીત ભરણપોષણની રકમ નામદાર કોર્ટમાં જમા કરે છે. વધુમાં એવી દલીલ કરેલ છે કે, આ કામના અરજદારે ડી.વી.એક્ટ હેઠળ ફો.પ.અ.નં–૧૪૪/૨૦૧૧ દાખલ કરેલ જેમાં રકમ ચુકવવાનો હુકમ થયેલ પરંતુ સામાવાળા નં.૨,૩ નાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.ક્રિ.એપ્લીકેશન દાખલ કરતા તેઓ સામે હુકમ સ્ટે થયેલ છે. વધુમાં એવી રજુઆત છે કે, આકામના સામાવાળા નં.૧ ના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ હેઠળ

થયેલ રૂ.૬૦૦૦/– માસીક ભરણપોષણની રકમ ચુકવતા હોય સદર રકમ મજરે મળવાપાત્ર છે. જેથી હાલની અરજી ટકવાપાત્ર ન હોય રદ કરવા અરજ કરેલ છે.

(૪) પક્ષકારોના વિ.વકિલશ્રીઓની રજુઆતો તથા રેકર્ડ ધ્યાને લેતા. એ હકિકત સ્પષ્ટપણે નીકળી આવે છે કે, ડી.વી.એક્ટ હેઠળની ફો.પ.અ.નં–૧૪૪/૨૦૧૧માં હાલની અરજીના સામાવાળા નં.૧ થી ૩ સામે હુકમ થયેલ તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સામાવાળા નં.૨,૩ નાએ સ્પે.ક્રિ.એ.નં.૪૮૮૬/૨૦૧૭ દાખલ કરેલ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ સામાવાળા નં.૨,૩ ના લાભમાં વચગાળાનો સ્ટે ફરમાવેલ છે. ડી.વી.એક્ટ હેઠળની ફો.પ.અ.નં–૧૪૪/૨૦૧૧માં થયેલ હુકમ માર્ક–૩/૧ જોવામાં આવે તો હાલની અરજીના સામાવાળા નં.૧ થી ૩ નાઓને ડી.વી.એક્ટની કલમ–૧૯ મુજબ વૈકલ્પિક રહેણાંકના ભાડા પેટે માસીક રૂ.૫૦૦૦/– હુકમની તારીખથી ચુકવવાનો હુકમ થયેલ છે તેમજ હાલની અરજીના સામાવાળા નં.૧ થી ૩ નાઓને ડી.વી.એક્ટની કલમ–૨૦ મુજબ ભરણપોષણના ખર્ચ પેટે માસીક રૂ.૨૦૦૦/– અરજીની તારીખથી ચુકવવાનો હુકમ થયેલ છે તથા હાલની અરજીના સામાવાળા નં.૧ થી ૩ નાઓને ડી.વી.એક્ટની કલમ–૨૨ મુજબ કૌટુંબીકહિંસાના વળતર પેટે રૂ.૬૦૦૦૦/– ચુકવવાનો હુકમ થયેલ છે. સદર હુકમની અમલવારી નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમથી હાલની અરજીના સામાવાળા નં.૨,૩ સામે સ્ટે છે. પંરતુ સામાવાળા નં.૧ સામે કોઈ સ્ટે નથી.

(૫) સામાવાળાનો જવાબ જોતા અરજદારે ક્રિ.પ્રો.કોડ ની કલમ–૧૨૫ હેઠળ ફો.પ.અ.નં–૧૪૩/૨૦૧૧ દાખલ કરેલ જેમાં નામદાર કોર્ટે માસીક રૂપીયા ૪૦૦૦/– ભરણપોષણ ચુકવવા તા.૦૨/૦૯/૨૦૧૫ ના રોજ હુકમ કરેલ જેનેથી નારાજ થઈને અરજદારે નામદાર સેસન્સ કોર્ટમાં ફો.રી.અ.નં–૨૫/૨૦૧૫ થી દાખલ કરેલ જેમાં માસીક ભરણપોષણની રકમ વધારવાનો હુકમ થતા સામાવાળાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફો.રી.અ.નં–૫૭૧/૨૦૧૮ દાખલ કરેલ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે માસીક રૂ.૬૦૦૦/– ભરણપોષણ ચુકવવા હુકમ કરેલાનું જણાય છે. પરંતુ સામાવાળાએ આવા હુકમના કોઈજ આધાર પુરાવા કે ખરી નકલ રજુ રાખેલ નથી. પરંતુ અરજદાર તર્ફે પણ સદર હકીકતનો ઈન્કાર કરેલ નથી અને સામાવાળા નં.૧ નાએ માર્ક–૧૨/૧ થી નામદાર કોર્ટમાં અરજદારની ખોરાકી પેટે ચુકવેલ રકમોની પહોચો રજુ રાખેલ છે. આમ, સદર હકીકત ધ્યાને લેતા આ કામના

સામાવાળા નં.૧ સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ મુજબ અરજદારને ભરણપોષણની રકમ રૂપીયા ૬૦૦૦/– ચુકવવા હુકમ થયેલાનું નિકળી આવે છે.

(૬) ઉપરોક્ત હકિકતો ધ્યાને લેતા સામાવાળા નં.૧ સામે ડિ.વી.એક્ટની કલમ–૨૦ મુજબ ભરણપોષણની રકમ માસીક રૂ.૨૦૦૦/– ચુકવવા હુકમ થયેલ છે જ્યારે સામાવાળા નં.૧ સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ મુજબ અરજદારને ભરણપોષણની રકમ રૂપીયા ૬૦૦૦/– ચુકવવા હુકમ થયેલ છે. આ કામના સામાવાળાના વિ.વકિલશ્રીએ નામદાર બોમ્બે(ઓરંગાબાદ બેંચ) હાઈકોર્ટ નો ક્રિ.રી.એ.નં–૨૦૩/૨૦૧૭, **વિશાલ રાજેશભાઈ ગૌરે વિરૂધ્ધ અપર્ણા વિશાલ ગૌરે** વિગેરે..નો ચુકાદો રજુ રાખેલ છે. જે ધ્યાને લેતા એક કેસમાં ખોરાકીની રકમ ચુકવતા હોય તો બીજા કેસમાં મજરે મળવા પાત્ર હોવાનું જણાવેલ છે જેથી સદર કામમાં જો સામાવાળા નં.૧ ના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ મુજબ ભરણપોષણ પેટે રૂપીયા ૬૦૦૦/– લેખે ચુકવેલ હોય અને તે રકમ ડી.વી.એક્ટ કલમ–૨૦ ના હુકમ કરતા વધુ હોય ડી.વી.એક્ટ કલમ–૨૦ મુજબની ભરણપોષણની રકમ સામાવાળા નં.૧ નાને મજરે મળવા પાત્ર હોવાનું મારૂ માનવુ છે.

(૭) ડી.વી.એક્ટ હેઠળની ફો.પ.અ.નં–૧૪૪/૨૦૧૧માં થયેલ હુકમ માર્ક–૩/૧ જોવામાં આવે તો હાલની અરજીના સામાવાળા નં.૧ થી ૩ નાઓને ડી.વી.એક્ટની કલમ–૧૯ મુજબ વૈકલ્પિક રહેણાંકના ભાડા પેટે માસીક રૂ.૫૦૦૦/– હુકમની તારીખથી ચુકવવાનો હુકમ થયેલ છે તથા હાલની અરજીના સામાવાળા નં.૧ થી ૩ નાઓને ડી.વી.એક્ટની કલમ–૨૨ મુજબ કૌટુંબીકહિંસાના વળતર પેટે રૂ.૬૦૦૦૦/– ચુકવવાનો હુકમ થયેલ છે. સદર હુકમની અમલવારી નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમથી હાલની અરજીના સામાવાળા નં.૨,૩ સામે સ્ટે છે. પંરતુ સામાવાળા નં.૧ સામે કોઈ સ્ટે નથી. જેથી ડી.વી.એક્ટની કલમ–૧૯ તથા કલમ–૨૨ ની રકમ ભરણપોષણની રકમથી જુદી હોય સદર રકમ સામાવાળા નં.૧ ને મજરે મળવાપાત્ર નથી.

(૮) ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ સામાવાળા નં.૧ ના ભરણપોષણની રકમ મજરે મેળવવા હક્કદાર છે પંરતુ ડી.વી.એક્ટની કલમ–૧૯ તથા ૨૨ હેઠળની રકમ ચુકવવા જવાબદાર છે જેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

૧) અરજદારની આંક-૪ તથા ૧૩ અંશતઃઅરજી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) સામાવાળા નં.૧ સામે ફો.પ.અ.નં-૧૪૪/૨૦૧૧માં થયેલ હુકમ મુજબ ડી.વી.એક્ટની કલમ-૧૯ની જોગવાઈ મુજબ વૈકલ્પીક રહેણાંકના ભાડા પેટે બાકી રૂ.૪૫૦૦૦/- અરજદારને ચુકવવા હુકમ કરવામાં આવે છે. અને ન ચુકવે તો તેટલી રકમનું જપ્તી વોરંટ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

૩) સામાવાળા નં.૧ સામે ફો.પ.અ.નં-૧૪૪/૨૦૧૧માં થયેલ હુકમ મુજબ ડી.વી.એક્ટની કલમ-૨૨ ની જોગવાઈ મુજબ કૌટુંબીક હિંસાના વળતર પેટે બાકી રૂ.૪૫૦૦૦/- અરજદારને ચુકવવા હુકમ કરવામાં આવે છે. અને ન ચુકવે તો તેટલી રકમનું જપ્તી વોરંટ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

૪) સામાવાળા નં.૧ ના ક્રિ.પ્રો.કોડની કલમ-૧૨૫(મુળ ફો.પ.અ.નં-૧૪૩/૧૧) હેઠળ ભરેલ ખોરાકીની રકમ ડી.વી.એક્ટ ની કલમ-૨૦(મુળ ફો.પ.અ.નં-૧૪૪/૧૧) ની ચડત રકમ પેટે મજરે ગણવા હુકમ કરવામાં આવે છે. વધુમાં જો ભરણપોષણની રકમ વસુલવાની બાકી હોય તો અરજદારે સોગંદનામાથી જાહેર કરવુ.

હુકમ આજ તા. ૦૫, માહે - જુન, સને-૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃ બોટાદ
તા. ૦૫/૦૬/૨૦૨૪

**(આઈ.કે.જાંગડ)**
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
બોટાદ,
કોડ નં.જી.જે.૦૦૮૬૭